Registration No.: CC/ 4920/2008
Filing No.: CC/ 4920/2008
Filed On: 20/09/2005
Registered On : 16/12/2008
Decided on : 14/09/2019
Duration: dd/mm/yy

**IN THE COURT OF ADDL.CHIEF METRO.MAGI.(COURT NO.33) AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 4920 OF 2008.**
**( OLD CRIMINAL CASE NO. 4186 OF 2005)**

CC/ 4920/2008 Exh.10

**Complainant**:

1. Development Credit Bamk,
Having office at:-A-84, 8 th floor,
Pariseemaa,Opp.IFC Bhavan, C.G.Road,
Ahmedabad
Through it's Manager,
Mr.Shailenbhai Mehta
Age:Adut, Occupation:Serice, Ahmedabad.

**VERSUS**

**Accused**:

1. Upenbhai Manharbhai Shah
Age.adult,Occupation-Service
At: Vardhman Textile, 2554, 1 st floor,
Near Badshah hajira,Manekchowk,Ahmedabad.

Appearance :
C. R. Abhichandani Advocate For Complainant 1,
R. C. Roz Advocate For Accused 1 .

---

**ગુનો :- ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ.**

**-: JUDGEMENT:-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી તે કંપની એકટ તળે નોંધાયેલ છે ફાયનાન્સનું કામકાજ કરે છે ફરિયાદીને હાલની ફરિયાદ કરવાનો ઠરાવથી અધિકાર મળેલ છે. આરોપીને નાણાની જરૂર હોઇ ફરિયાદીનો સંપર્ક કરેલ જેથી તેને રૂ. ૬૦૦૦૦/- ની લોન આપેલ જે લોન રીપે કરવાની જવાબદારી સ્વીકારેલ. આરોપીની ભુલને કારણે રૂ ૨૧૧૯૮૦/- લેવાના નીકળ્તા હતા જે લોન પેમેન્ટ કરવા નીચે મુજબના ચેકો આપેલા

| ચેક નંબર | તારીખ | ચેકની રકમ | બેંક |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૨૦૦૭૯૧ | ૨૦ /૦૧ /૨૦૦૫ | ૧૦૦૦ /- | ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓપ.બેંક શાખા, |

જે ચેક ફરિયાદીએ તેમના બેંક ખાતામાં રજુ કરતાં "ઇનશફીશીયન્ટ ફંડ"ના શેરાથી પરત થયેલ જેથી આરોપીને તા. ૦૯ / ૦૨ /૨૦૦૫ ના રોજ વકીલશ્રી મારફતે રજી.પો.એ.ડી. તથા યુપીસીથી નોટિસ આપી નાણા ચુકવી જવા જણાવેલ. જે નોટિસનો આરોપી જવાબ આપેલ નહી કે નાણાં ચુકવેલ નથી. આથી હાલની ફરિયાદ કરેલ છે. જેથી આરોપીએ નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે જેથી આરોપીને કાયદા મુજબ સજા કરવા જણાવેલ છે.

(૨) આરોપીને સંમશ બજતા હાજર થતાં, ક્રિ.પો. કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આંક . ૭ થી પ્લી લેતા ગુનો કર્યાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વમાં આવેલ .

(૩) ફરિયાદપક્ષે ફરિયાદ હકીકત તથા રેકર્ડ વંચાણે લેતાં ફરિયાદીએ હાલની ફરિયાદ સને- ૨૦૦૫ માં કરેલ જે હકીકતને આજે આશરે ૧૩ વર્ષ ઉપરાંતનો સમય પસાર થયેલ છે. આ કામે આરોપીએ ચેકની રકમ અત્રેની અદાલતમાં આંક .૯ થી ડીપોઝીટ કરી દીધેલ છે હવે આ કામે ફરિયાદી હાજર ન હોઇ અને સદરકેસ મુળ ૨૦૦૫ નો હોઇ જેથી ફરિયાદપક્ષની ગેરહાજરીમાં સદરહુ કેસ ક્રિ પો કોડની કલમ ૨૫૮ તળે કાર્યવાહી સ્થગિત કરવામાં આવે છે ફરિયાદી ગમે તે ત્યારે ઓળખ બતાવી ચેકની ડીપોઝીટ રકમ જે આરોપીએ કરાવેલ છે તે વીડ્રો કરી શકશે ફરિયાદપક્ષનો કેસ હજુ વધુ સમય માટે મુલત્વી રાખવો ઉચિત જણાતો નથી. આથી વિશેષ ચર્ચા ન કરતાં ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**::- હુ ક મ ::-**

(૧) આરોપી ભેમાભાઇ બી ડામોરને ક્રિ.પો.કોડની કલમ-૨૫૮ અન્વયે ફરિયાદી હાજર રહેતાં ન હોઇ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં પણ હાજર ન રહેતાં કાર્યવાહી સ્થગિત કરી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં તેવો આદેશ કરવામાં આવે છે કે આરોપીએ ચેકની રકમ ડીપોઝીટ કરેલ છે તે ચેકની રકમ ફરિયાદીને ચુકવી આપવી.

(૨) ક્રિ.પો. કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ થતા સુધી છ માસ સુધીના

રૂા. ૫,૦૦૦/- ના જામીન તથા તેટલીજ રકમનો જાત મુચરકો રજૂ કરવો અગર તો અગાઉ આપેલ જામીન અપીલ થતા સુધી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ તા. ૧૪/૦૯/૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date .14/09/2019**
**Place:SPECIAL SITTING, AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**(COURT NO.33) AHMEADABAD**